# જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ, વલસાડ

મોરારજી દેસાઈ ભવન, ૧ લો માળ, જિલ્લા પંચાયત કચેરી ધરમપુર રોડ, વલસાડ-૩૯૬૦૦૧,

ફોન નંબર : ૦૨૬૩૨-૨૫૩૨૧૦, E-Mail : dpeovalsad@gmail.com


નં.જિ.પં/શિક્ષણ/આયોજન/વશી- ૯૩૫૨ /૨૦૨૩ તા.૧૩/૦૯/૨૦૨૩

પરિશિષ્ટ-૨

(જુઓ નિયમ ૧૩ (૫))

## માન્યતા પ્રમાણપત્ર

પ્રતિ,

વ્યવસ્થાપકશ્રી,

શ્રી વલ્લભ આશ્રમ એમ.સી.એમ કોઠારી ઈન્ટરનેશનલ ગર્લ્સ રેસીડેન્સીયલ સ્કુલ

કિલ્લા-પારડી

તા.પારડી જિ-વલસાડ

બાળકોના મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ, ૨૦૦૯ હેઠળ કરેલા ગુજરાત બાળકોનો મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર નિયમો, ૨૦૧૨ની જોગવાઇઓને આધીન રહીને આથી નીચેની શરતોએ **જુન-૨૦૨૩ થી જુન-૨૦૨૬** સુધીની ત્રણ વર્ષની મુદત માટે **ધોરણ - ૧ થી ૮ માટે** વલસાડ જિલ્લામાં આવેલ **શ્રી વલ્લભ આશ્રમ એમ.સી.એમ કોઠારી ઈન્ટરનેશનલ ગર્લ્સ રેસીડેન્સીયલ સ્કુલ કિલ્લા-પારડી (અંગ્રેજી માધ્યમ)** તા.પારડી જિ.વલસાડ શાળાના વ્યવસ્થાપકને માન્યતા પ્રમાણપત્ર (જેને આમાં હવે પછી, પ્રમાણપત્ર તરીકે કહયું છે તે) આપવામાં આવે છે.

સ્થળ : - વલસાડ

તારીખ :- ૧૩/૦૯/૨૦૨૩

જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી

જિલ્લા પંચાયત વલસાડ

શરતોઃ-

૧. શાળાની માન્યતાની શરતો પૂર્ણ કરવાની અને તેને નિભાવવાની જવાબદારી શાળામંડળની રહેશે.

૨. બાળકોના મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર અધિનયમ-૨૦૦૯ અને બાળકોનો મફત અને ફરજીયાત શિક્ષણનો અધિકાર નિયમો-૨૦૧૨ તથા ગુજરાત પ્રાથમિક શિક્ષણ અધિનયમ-૧૯૪૭ અને મુંબઈ પ્રાથમિક શિક્ષણ નિયમ ૧૯૪૯ ની તમામ જોગવાઇઓ પ્રાથમિક શિક્ષણ નિયમ ૧૯૪૯ની તમામ ની જોગવાઈઓ પાલન કરવાનું અને તેને નિભાવવાની જવાબદારી શાળામંડળની રહેશે.

૩. અધિનયમ અને તે હેઠળ રચાયેલ નિયમો ઉપરાંત રાજય સરકાર દ્વારા વખતો વખત જાહેર કરવામાં આવતા નિયમો, ઉપનિયમો, ઠરાવો, પરિપત્રો, સૂચનાઓ વગેરેનું પાલન કરવાની જવાબદારી શાળામંડળની રહેશે.

૪. શાળાએ નજીકના વિસ્તારમા નબળા વર્ગના બાળકો અને વંચિત જૂથના બાળકોને પૂર્વ પ્રાથમિક વર્ગો સહિત ધોરણ-૧માં તે ધોરણના સંખ્યાબળના 25% મુજબ પ્રવેશ આપવો જોઈશે તથા મફત અને ફરજીયાત પ્રારંભિક શિક્ષણ તેની સમાપ્તિ સુધી પુરૂ પાડવું જોઈશે. તેના અમલ માટે સંબંધિત કચેરીનો સપંર્ક કરવાનો રહેશે.

૫. કેપીટેશન ફી લેવા પર પ્રતિબંધ છે અને તેથી ટ્રસ્ટ મંડળે અથવા શાળાએ કોઈપણ કેપીટેશન ફી અથવા અન્યરીતે દાન અથવા એવી ફીના બદલામાં ચીજવસ્તુઓ લેવીજોઈશે નહિ.

૬. શાળાએ પ્રવેશ આપવાના હેતુઓ માટે બાળકની અથવા તેના અથવા તેના તેણીના માતા-પિતા અથવા વાલીઓની કોઈપણ રીતે સ્ક્રિનીંગ ટેસ્ટ (તપાસકસોટી) અથવા કાર્યરીતી અપનાવવી જોઈશે નહિ.

૭. શાળાએ ઉંમરના પુરાવાના અભાવે અથવા ધર્મ, જ્ઞાતિ, પંથ અથવા જાતી, જન્મસ્થળ અથવા તે પૈકીના કોઈપણ આધાર પર કોઈ બાળકને પ્રવેશ આપવાનો ઈન્કાર કરવો જોઈશે નહિ.

૮. શાળાએ સુનિશ્ચિત કરવું જોઇએ કે :-

૧. પ્રવેશ આપેલ કોઈપણ બાળકને શાળામા પ્રારંભિક શિક્ષણ પૂરૂ થતાં સુધી કોઈપણ ધોરણમાં રોકી રાખવામાં ન આવે અથવા શાળામાંથી કાઢી મુકવામાં ન આવે અથવા વર્ગબઢતીના પ્રવર્તમાન નિયમોને આધિન કાર્યવાહી કરવામાંઆવે.

૨. કોઈપણ બાળક શારિરીકશિક્ષણ અથવા માનિસક ત્રાસને પાત્ર થાય નહિ.

૩. પ્રારંભિક શિક્ષણ પુરૂ કરનાર દરેક બાળકને નિયમ-૩૦ હેઠળ નિયત કર્યા પ્રમાણે પ્રમાણપત્ર એનાયત કરવામાં આવે.

૪. અધિનિયમોની જોગવાઈ પ્રમાણે અશકતતા ધરાવતા વિશિષ્ટ જરૂરીયાતવાળા વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાનો રહેશે.

૫. સરકાર દ્વારા વખતોવખત નિયત થયેલ શૈક્ષણિક લાયકાત ધરાવતા શિક્ષકોની ભરતી કરવાની રહેશે.

૬. શિક્ષક-વિદ્યાર્થી પ્રમાણ નિયમાનુસારનું હોવું જોઇશે. શાળામાં વર્ગખંડનું ક્ષેત્રફળ નિયમાનુસાર હોવું જોઈએ તથા જરૂરી તમામ ભૌતિક સૂવિધાઓ હોવી જોઇએ.

૭. અધિનિયમની કલમ-૨૪ ની પેટા કલમ(૧) હેઠળ નિર્દિષ્ઠ કર્યા પ્રમાણે શિક્ષક પોતાનીફરજ બજાવે.

૮. શિક્ષક અથવા શિક્ષિકાઓ પોતે ખાનગી ટયુશન આપી શકશે નહિ. તે જોવાને જવાબદારી સંચાલક મંડળની રહેશે.

૯. કેન્દ્ર સરકારે અથવા રાજય સરકારે અથવા નિયામકે બહાર પાડેલમાર્ગદર્શિકાઓ અને આદેશનું પાલન કરી પારદર્શક અને નિષ્પક્ષ પ્રવેશ પ્રક્રિયાને અનુસરવાનું રહેશે.

૯. સમુચિત સત્તા મંડળે ઘડેલા પાઠયક્રમના આધારે તૈયાર કરેલ અભ્યાસક્રમ પ્રમાણે શાળાએ શિક્ષણ આપવાનું રહેશે.

૧૦. શાળાએ અધિનિયમની કલમ-૧૯ માં ઠરાવ્યા પ્રમાણે શાળામાં પ્રાપ્ય સુવિધાઓના પ્રમાણમાં વિદ્યાર્થીઓ પ્રવેશ આપવો જોઇએ.

૧૧. શાળાએ અધિનિયમની કલમ-૧૯માં નિર્દિષ્ઠ કર્યા પ્રમાણે શાળાના ધોરણે અને માપદંડો જાળવવા જોઇશે અને ખાસ કરીને કોઇ માહિતી પૂરી પાડવાને લગતી શાળાની વેબસાઇટના નિભાવ અને દર વર્ષે નિયત સમયમાં સાચી અને વિશ્વની યડીઆઇએસઈ(ડાયસ) ડિસ્ટ્રીકટઇન્ફોર્મેશનસિસ્ટમ ફોર એજયુકેશન(માહિતી) ભરવાને લગતી નિયમ-૧૩ ની તમામ શરતોનું પાલન કરવું જોઇશે.

૧૨. શાળાની જગ્યાએ અંદર અથવા એ જ  નામથી શાળાની બહાર કોઇ અનધિકૃત શાળા વર્ગોચલાવવાજોઇશે નહિ.

૧૩. શાળાના મકાનનો અથવા અન્ય બાંધકામનોઅથવા મેદાનનો માત્ર શિક્ષણ કૌશલ્ય વિકાસનાહેતુઓ માટે જ ઉપયોગ કરવાનો રહેશે.

૧૪. શાળા સોસાયટી રજીસ્ટ્રેશન અધિનિયમ-૧૮૬૦, (સને ૧૮૬૦ની ૨૧ માં તેમજ ૧૯૫૨ હેઠળ નોંધાયેલ મંડળી દ્વારા અથવા તત્સમયે અમલમાં હોઈ તેવા કાયદા રચાયેલા મંડળ/કંપની દ્વારા ચલાવવામાં આવવી જોઇશે.

૧૫. શાળા કોઇ વ્યક્તિ, જૂથ અથવા વ્યક્તિઓના મંડળ અથવા કોઇ બીજી વ્યક્તિઓના નફા માટે ચલાવી શકાશે નહિ.

૧૬. ચાર્ટડ એકાઉન્ટન્ટ પાસે હિસાબોનું ઓડિટ કરાવવું જોઇએ અને તેને પ્રમાણિત કરાવવા જોઇશે અને યોગ્ય હિસાબી પત્રકોનિયમો પ્રમાણે તૈયાર કરવા જોઇએ. દર વર્ષે હિસાબોનાપત્રકો ઓડિટ કરાયેલા રિપોર્ટની એક નકલ સક્ષમ સત્તાધિકારીનેમોકલવીજોઇશે.

૧૭. CCTV કેમેરાની રેકોર્ડિંગની સાથેની સુવિધા ઉપલબ્ધ હોવી જોઇશે અને સક્ષમ અધિકારીને તે બદલની ખાતરી કરાવવાની રહેશે.

૧૮. શાળા સલામતી માટેના જરૂરી પગલા નેશનલ ડિઝાસ્ટરમેનેજમેન્ટઓથોરીટીનીગાઇડલાઇન મુજબ સમય મર્યાદામાં લેવાના રહેશે. સ્કૂલ સેફટી પોલીસી-૨૦૧૬ નો અમલ કરવાનો રહેશે.

૧૯. વિદ્યાર્થીઓ અને સ્ટાફની સલામતી માટે વખતોવખત જરૂરી હોય તેવા પગલાં લઈ તેઓની સલામતી સુનિશ્ચિત કરવાની રહેશે.

૨૦. શાળા મંડળે વિદ્યાર્થીઓને ચોકકસ પ્રકારના પુસ્તકો, સાહિત્ય, ગણવેશ કે બુટ, પોતાની સંસ્થા પાસેથી કોઇ ચોક્કસ સંસ્થા કે એજન્સી પાસેથી કે ચોકકસમાર્કો કે કંપનીના ખરીદવા માટે વિદ્યાર્થીઓ/વાલીઓને આગ્રહ રાખી શકાશે નહિ કે ફરજ પાડી શકાશે નહિ.

૨૧. ગુજરાત સ્વનિર્ભર શાળા(ફી નિયમન) અધિનિયમ-૨૦૧૭ નાં પ્રબંધો અને તે હેઠળબનેલાનિયમો આ શાળાને લાગુ પડશે અને તેનું પાલન કરવાનું બાહેધરી પત્રક રજૂ કરવાનું રહેશે.

૨૨. સક્ષમ સત્તાધિકારીશ્રી અથવા તેના દ્વારા અધિકૃત્ત કરેલ વ્યકિત તથા શિક્ષણ ખાતાના નિરીક્ષક/અધિકારીઓને શાળા નિરીક્ષણ કરવાની છૂટ રહેશે.

૨૩. શાળાએ સરકાર દ્વારા માન્ય કરેલ અભ્યાસક્રમ તથા વખતો વખત મંજુર કરેલ પાઠ્યપુસ્તકોનો જ ઉપયોગ કરવાનો રહેશે.

૨૪. શિક્ષણની ફી નાં દર તથા શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓના પગાર ધોરણે સરકાર માન્ય હોવા જોઇએ.

૨૫. શાળાના આચાર્ય કે સંચાલકો તરફથી આપવામાં આવતા રેકર્ડ, આંકડાકીય પત્રકો અને પ્રમાણપત્રો વિશ્વનીય હોવા જોઇએ.

૨૬. શાળા, નિયામક અને સક્ષમ સત્તાધિકારી વખતો વખત ફરમાવે તેવા રિપોર્ટઅને માહિતી પૂરી પાડશે અને શાળા ચાલુ રાખવાની માન્યતાની શરતને પરિપૂર્ણ કરવા અથવા શાળાના કામકાજમાંનીખામીઓ દૂર કરવા રાજય સરકાર/સ્થાનિક સત્તામંડળ આપે તેવા આદેશોનું પાલન કરશે.

૨૭. સક્ષમ અધિકારીની પૂર્વ પરવાનગી વિના શાળાના નામમાં ફેરફાર, શાળાના સ્થળ ફેરફાર કે શાળાના વ્યવસ્થા તંત્રમાંફેરફાર કરી શકાશે નહિ.

૨૮. જે વર્ષમાં શાળાને મંજુરી આપવામાંઆવેલ હોય તે જ વર્ષમાં શાળા શરૂ કરવાની રહેશે. મંજુરી મળ્યા પછીના ૬ માસમાં શાળા શરૂ કરવામાં નહિ આવે તો અપાયેલ મંજુરી આપોઆપ રદ થવાને પાત્ર રહેશે.

૨૯. જયારે જરૂર પડે ત્યારે શાળાનું મકાન જાહેર પરીક્ષા માટે તથા જાહેર હિતાર્થે શાળા સંચાલકે ફાજલકરી ઉપયોગ માટે આપવાનું રહેશે.

30. સરકારશ્રી દ્વારા વખતો વખત જાહેર કરવામાં આવે તેવા તમામ ઠરાવ/પરિપત્રો/સૂચનાઓ/નિયમોનું પાલન કરવાનું રહેશે.

૩૧. નવીન ખાનગી પ્રાથમિક શાળા/ક્રમિક વર્ગ કે વર્ગ વધારાની માન્યતાનીશરતોનું સંપૂર્ણપણે પાલન કરવાનું રહેશે.

૩૨. ગુજરાત પ્રાથમિક શિક્ષણ અધિનિયમ-૧૯૪૭ અને પ્રાથમિક શિક્ષણ નિયમો-૧૯૪૯ માં ઉલ્લેખિત શાળા સંચાલન- શિક્ષણ અને મૂલ્યાંકન તથા ખાનગી શાળાઓ સંબંધિત તમામ જોગવાઈઓનું પાલન કરવાનું રહેશે.

33. ગુજરાત પ્રાથમિક શિક્ષણ નિયમો-૧૯૪૯ ના શિડયુલ–F ની શરતોનું પાલન કરવાનું રહેશે.

૩૪. RTE Act -2009 તથા RTE Rules - 2012 ની જોગવાઈઓનું પાલન કરવાનું રહેશે.

૩૫. સદર મંજુરી આપના ધ્વારા રજૂ થયેલ મહેસૂલી અને અન્ય આધારો સાચા છે. તેમ માની આપવામાં આવે છે. ભવિષ્યમાં રજૂ કરેલ કોઇપણ આધાર બનાવાટી માલૂમ પડશે તો તે માટે સંચાલક મંડળ જવાબદાર ગણાશે અને તે માટે તેઓ વિરુધ્ધ પોલીસ ફરિયાદ સહિતનાં પગલાં લેવાની સરકારને સત્તા રહેશે. જેની નોંધ લેવી.

સ્થળ :- વલસાડ

તારીખ :- ૧૩/૦૯/૨૦૨૩

જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી

જિલ્લા પંચાયત વલસાડ